પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૮૨ | ૨૩ ડીસેમ્બર, ૨૦૨૦, બુધવાર; માગશર સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# નવા સુપરસ્પ્રેડરથી ડરવાની જરૂર નથી : WHO

**કોરોનાના નવા સ્ટ્રેનથી વિશ્વમાં ફફડાટની વચ્ચે રાહતના સમાચાર : કોરોના વાયરસને લઈને વિકસિત કરવામાં આવેલી વેક્સિન આ નવા સ્ટ્રેન સામે લડવા માટે પણ સક્ષમ હોવાનો વૈશ્વિક આરોગ્ય સંસ્થાએ દાવો કર્યો**



જીનીવા, તા. ૨૨

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને બ્રિટનમાં મળેલા કોરોના વાયરસના વધારે ઈન્ફેક્શન ધરાવતા સ્ટ્રેનને લઈને પહેલીવાર નિવેદન આપ્યું છે. આ નવા સ્ટ્રેનના કારણે બ્રિટન માટે આશરે ૫૦ દેશોએ પોતાનો હવાઈ માર્ગ અને વાહનવ્યવહાર પણ બંધ કર્યો છે. હવે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન એટલે કે ડબલ્યુએચઓએ કહ્યું છે કે આ વાયરસનો વિકાસનો જ એક ભાગ છે. આ કારણે નવા સુપરસ્પ્રેડર સ્ટ્રેનથી વધારે ગભરાવાની પણ જરુર નથી.

ડબલ્યુએચઓના ઈમર્જન્સી બાબતોના લીડર માઈક રેયાને એક ઓનલાઈન બ્રીફિંગમાં કહ્યું કે આ મુદ્દે પારદર્શિતા હોવી જરુરી છે. જનતાને જે રીતે હોય એ રીતે જ બતાવવાની જરુર છે.

જોકે, એ પણ મહત્વપૂર્ણ છે કે, આ વાયરસના વિકાસનો જ એક સામાન્ય ભાગ છે. જેથી અમે આ વાયરસને ખૂબ જ બારીકાઈથી ટ્રેક કરી રહ્યાં છીએ. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના અધિકારીઓએ કહ્યું છે કે કોરોના વાયરસને લઈને વિકસિત કરવામાં આવેલી વેક્સિન આ નવા સ્ટ્રેન સામે લડવા માટે પણ સક્ષમ છે. જોકે, તેને સુનિશ્ચિત કરવા માટે અમે તપાસ કરી રહ્યાં છીએ.


● અનુસંધાન પાન-૭ પર

## વડાપ્રધાન મોદીને અમેરિકાએ 'લીજન ઓફ મેરિટ' એવોર્ડથી સન્માનિત કર્યા

**મોદીને આ સન્માન ભારત-અમેરિકાના રાજકીય સંબંધો વધારવા માટે આપવામાં આવ્યું, લીજન ઓફ મેરિટ એવોર્ડ અમેરિકાનું પ્રતિષ્ઠિત સન્માન છે : ભારતીય રાજદૂતે મોદી તરફથી સન્માનનો સ્વીકાર કર્યો**

વોશિંગટન,તા.૨૨

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભારત અને અમેરિકાની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવામાં તેમના નેતૃત્વ માટે અમેરિકાના એક ઉચ્ચ સન્માન લીજન ઓફ મેરિટથી સન્માનિત કર્યા છે. અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર રોબર્ટ સીઓ બ્રાયને આ જાણકારી આપી. અમેરિકામાં કાર્યરત ભારતીય રાજદૂત તરનજીત સિંહે વડાપ્રધાન મોદી તરફથી આ સન્માનનો સ્વીકાર કર્યો. રાષ્ટ્રીય સુરક્ષા પરિષદએ એનએસએ રોબર્ટ સીઓ બ્રાયનના હવાલાથી ટ્વીટ કર્યું કે, રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકા-ભારત વ્યૂહાત્મક ભાગીદારીને આગળ ધપાવવામાં નેતૃત્વ માટે ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લીજન ઓફ મેરિટથી સન્માનિત કર્યા છે. રાજદૂત તરનજીત સિંહ સંધૂએ વડાપ્રધાન મોદી તરફથી પદકનો સ્વીકાર કર્યો. ૨૦ જુલાઈ ૧૯૪૨ના રોજ કોંગ્રેસ દ્વારા લીજન ઓફ મેરિટ મેડલની સ્થાપના કરવામાં આવી હતી. એ અમેરિકન સેના અને વિદેશ સૈન્ય સભ્યો અને રાજકીય હસ્તઓને પ્રદાન કરવામાં આવે છે જેઓએ અસાધારણ પ્રદર્શન કર્યું છે.



આ સર્વોચ્ચ સૈન્ય પદક પૈકી એક છે જેને વિદેશી અધિકારીઓને પ્રદાન કરવામાં આવી શકે છે. જન ઓફ મેરિટ મેડલ એક પાંચ કિરણોવાળું સફેસ ક્રોસ છે જેના કિનારે લાલ રંગ છે. તેમાં ૧૩ સફેદ તારા સાથે કિનારા પર એક લીલા રંગની માળા જેવી આકૃતિ બનેલી હોય છે. આ પુરસ્કાર પીએમ મોદીના નિરંતર નેતૃત્વ અને વૈશ્વિક શક્તિના રૂપમાં ભારતના ઉદ્ભવ માટે નેતૃત્વ અને દૃષ્ટિકોણને મળી રહેલી માન્યતાઓના કારણે આપવામાં આવ્યું છે. સાથોસાથ આ સન્માન એ વાતની પણ પુષ્ટિ કરે છે કે પીએમ મોદીએ ભારત અને અમેરિકાની વ્યૂહાત્મક ભાગીદારીની પ્રગતિ અને વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિને વધારવા માટે અનુકરણીય યોગદાન આપ્યું છે.

## લંડનની ફ્લાઈટમાં પાંચ પોઝિટિવ કેસ


**અમદાવાદ આવેલી ફ્લાઈટના પાંચ જણાં કોરોના પોઝિટિવ : ૨૪૬ જેટલા પેસેન્જર્સ, ક્રૂ મેમ્બર્સના આરટી-પીસીઆર ટેસ્ટ કરાયા, પોઝિટિવ આવનારને હોસ્પિટલમાં ખસેડાયા**

અમદાવાદ, તા. ૨૨

બ્રિટનમાં કોરોના વાયરસના નવા પ્રકાર વિશે જાણવા મળતા હડકંપ મચી ગયો છે. ત્યારે અમદાવાદ એરપોર્ટથી લંડન આવતી-જતી ફ્લાઈટ્સ તારીખ ૩૧ ડિસેમ્બર સુધી સસ્પેન્ડ રાખવામાં આવી છે. લંડનથી અમદાવાદ આવતી એર ઈન્ડિયાની ફ્લાઈટ આજે સવારે ૧૦.૪૦ વાગ્યાની આસપાસ અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચી હતી. ઈન્ટરનેશનલ ટર્મિનલમાં આ ફ્લાઈટના તમામ પેસેન્જર્સનો આરટી-પીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જેમાં પાંચ જણાને કોરોના પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું હતું. આ તમામને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. યુકેની ફ્લાઈટમાં અમદાવાદ આવી પહોંચેલા અંદાજિત ૨૪૬ જેટલા પેસેન્જર્સ અને ક્રૂ મેમ્બર્સના આરટી-પીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યા છે.

અહીં નોંધનીય છે કે આ તમામ પેસેન્જર્સ બ્રિટનથી આવ્યા હોવાથી જ્યાં સુધી તેઓના આરટી-પીસીઆર ટેસ્ટનું પરિણામ આવે નહીં ત્યાં સુધી તેઓને એરપોર્ટની બહાર નીકળવાની પરમિશન આપવામાં આવી નથી.

● અનુસંધાન પાન-૭ પર



## કોરોના વેક્સિનનો પ્રથમ જથ્થો ૨૮મીએ દિલ્હી આવી પહોંચશે

**કોરોનાના મુકાબલા માટે કમર કસતી સરકાર : કેન્દ્ર સરકારે ચાર મહિના પહેલા જ રાજ્ય સરકારો સાથે કોવિડ રસીકરણ માટેની તૈયારીઓ શરૂ કરી દીધી હતી**

નવી દિલ્હી, તા. ૨૨

દેશમાં કોરોના વાયરસના ખાત્મા માટે કેન્દ્ર સરકારે કમર કસી લીધી છે અને ટૂંક સમયમાં લોકો કોવિડ-૧૯ રસીની રસી લેવાનું શરૂ કરશે. મીડિયા રિપોર્ટ મુજબ ભારતમાં કોરોના રસીનો પહેલો જથ્થો ૨૮મી ડિસેમ્બરના રોજ દિલ્હી આવવાનો છે. ચાલો આપને જણાવી દઈએ કે દેશમાં ચાર જુદી-જુદી કંપનીઓ કોરોના રસીની તૈયારી કરી રહ્યું છે. થોડાંક દિવસ પહેલાં પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ટૂંક સમયમાં દેશમાં કોરોનાની રસી લગાવાશે.

દિલ્હી એરપોર્ટના સીઈઓ વિદેહકુમાર જયપુરિયાએ આજે આ અંગે માહિતી આપી છે. તેમણે કહ્યું કે ૨૮મી ડિસેમ્બરના રોજ કોરોના વેક્સીન નો પહેલો જથ્થો આવશે. આપણે દરરોજ ૮૦ લાખ શીશીઓ એક દિવસમાં હેન્ડલ કરવાની ક્ષમતા ધરાવીએ છીએ છે. ભારતમાં કોવિશિલ્ડ રસીનું ટ્રાયલ ઘણા સમય પહેલાથી ચાલી રહ્યું હતું અને તે રસીની રેસમાં મોખરે છે.

કેન્દ્ર સરકારે ચાર મહિના પહેલા જ રાજ્ય સરકારો સાથે કોવિડ રસીકરણ માટેની તૈયારી શરૂ કરી હતી. રાજ્ય, જિલ્લા અને બ્લોક સ્તરે ટાસ્ક ફોર્સ બનાવવામાં આવી છે. દેશભરના કોવિડ રસીકરણમાં સામેલ સ્વયંસેવકોને તાલીમ આપનારા માસ્ટર ટ્રેનર્સને તાલીમ અપાઈ ચૂકી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષ વર્ધનના જણાવ્યા અનુસાર ૨૬૦ જિલ્લાઓમાં ૨૦,૦૦૦થી વધુ લોકોને ટ્રેનિંગ આપવામાં આવી છે.

કો-વિન નામનું એક ડિજિટલ પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે, જે કોવિડ-૧૯ રસી વિતરણનું રીઅલ-ટાઈમ મોનિટરિંગ થઈ શકશે. તેની મોબાઈલ એપ્લિકેશન પણ વિકસિત કરવામાં આવી છે. હર્ષવર્ધને કહ્યું, કો-વિનને એક એવા પ્લેટફોર્મ તરીકે વિકસિત કરવામાં આવી છે જ્યાં રસીને તેના તાપમાનની સાથે ટ્રેક કરાશે. આ સંભવિત લાભકર્તાને તેની બીજી માત્રા મળે અને પ્રમાણપત્ર ન આપવામાં આવે ત્યાં સુધી તેની વિગતો પણ રાખવામાં આવશે.

## એક ભારત, શ્રેષ્ઠ ભારતની ભાવના મજબૂત થવી જોઈએ : પ્રધાનમંત્રી મોદી

**પાંચ દશકમાં પહેલીવાર વડાપ્રધાનનું અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના શતાબ્દી સમારોહમાં સંબોધન**

ન્યુ દિલ્હી,તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિડિયો-કોન્ફરન્સ દ્વારા અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના શતાબ્દી સમારોહમાં સંબોધન કર્યું હતું. તેમણે યુનિવર્સિટીનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થવા પર ટપાલ-ટિકિટ જાહેર કરી હતી. મોદીએ કહ્યું હતું, સૌપ્રથમ હું એએમયુના શતાબ્દી સમારોહમાં જોડાવાની તક આપવા બદલ આપ સૌનો આભારી છું. તમામ વિભાગની ઈમારતોને સુંદર રીતે શણગારવામાં આવી છે. આ ભારતનો અમૂલ્ય વારસો છે. એએમયુમાંથી તાલીમ લીધી હોય તેવા લોકો આજે વિશ્વના સેંકડો દેશોમાં છવાયા છે.

મને યુવાનો પાસેથી પણ કેટલીક અપેક્ષાઓ છે. એએમયુમાં જબરદસ્ત તાકાત છે. અહીં ૧૦૦ છાત્રાલયો છે. તેમણે સ્વતાંત્ર્યસેનાનીઓને શોધવાની યોજના બનાવવી જોઈએ, જેના વિશે હજી ઘણું સાંભળ્યું નથી. જો આપણને આત્મનિર્ભર ભારતને મજબૂત બનાવવા માટે એએમયુ તરફથી સૂચનો મળે, તો એ સારું હશે. આપણે ક્યાં અને કયા પરિવારમાં જન્મેલા, કયા ધર્મમાં ઊછરેલા છીએ એનાથી મોટું એ છે કે તેમની આકાંક્ષાઓ દેશની સાથે કેવી રીતે જોડાયેલી હોવી જોઈએ. વૈચારિક મતભેદો હોય છે, પરંતુ જ્યારે દેશનાં લક્ષ્યોને પ્રાપ્ત કરવાની વાત આવે છે ત્યારે બધું એક બાજુ મૂકી દેવું જોઈએ. એવું



કોઈ લક્ષ્ય નથી કે જે એકસાથે મળીને મેળવી ન શકીએ.

આપણે એક સામાન્ય જમીન પર કામ કરવું પડશે. તમામ ૧૩૦ કરોડ દેશવાસીઓને આનો લાભ મળશે. યંગસ્ટર્સ આ કામ કરી શકે છે. આપણે સમજવું પડશે કે રાજકીય સમાજનું મહત્ત્વનો ભાગ છે, પરંતુ સમાજમાં વધુ મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ છે. રાજકારણથી પર પણ ઘણુંબધું હોય છે. બીજો એક સમાજ હોય છે. એએમયુના વિદ્યાર્થીઓ આ કરી શકે છે. મોટા ઉદ્દેશ માટે સાથે આવીએ છીએ તો બની શકે છે કે કેટલાક લોકો પરેશાન થાય. તેઓ પોતાના સ્વાર્થને સાબિત કરવા હેરાફેરીનો આશરો લેશે. રાજકારણ-સમાજ રાહ જોઈ શકે છે, પણ વિકાસ રાહ નથી જોતું. ગરીબ, વંચિત લોકો વધુ સમય રાહ જોઈ શકતા નથી. પાછલી સરકારોમાં મતભેદોના નામે ઘણો સમય પસાર થઈ ગયો છે, સાથે મળીને એક નવું આત્મનિર્ભર ભારત બનાવવું પડશે.

## છેલ્લે... છેલ્લે...

- જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં સીબીએસસી બોર્ડની કોઈ પરીક્ષા લેવાશે નહી.
- હરિયાણાના અંબાલામાં પ્રદર્શનકારી ખેડૂતોએ મુખ્યમંત્રી ખટ્ટર સામે કાળા વાવટા ફરકાવ્યા.
- બોલીવીડ અભિનેત્રી રકુલપ્રિત કોરોનાથી સંક્રમિત.
- ગુજકોમાસોલના ચેરમેન દિલિપ સંઘાણી કોરોનાથી સંક્રમિત.
- ગૃહમંત્રી અમિત શાહ ૧૨મીએ ફરી બંગાળ જશે.
- જેતપુરના આરબ ટીમરી ગામે ગૌશાળા પર સિંહોનું ટાળુ ત્રાટક્યુ, આઠ ગાયોનું મારણ.
- અમેરિકાના નવ નિર્વાચિત રાષ્ટ્રપતિ જે બાઈડેને કોરના માટેની રસી જાહેરમાં લીધી.
- અમેરિકામાં દર ૩૩ સેકન્ડે એક વ્યક્તિનું કોરોનાથી મોત.
- ખેડૂતોને નેશનલ હાઈવે નં. ૯ સંપૂર્ણ જામ કર્યો.
- પ્રધાનમંત્રી મોદીએ વિયેટનામના પ્રધાનમંત્રી સાથે વર્ચ્યુઅલ બેઠક કરી.
- દિલ્હીમાં હવાના પ્રદૂષણનુ સ્તર ખૂબ જ ખરાબ શ્રેણીમાં એક્યુઆર/૩૨૯ પર પહોંચી ગયુ.
- અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર ૧લી જાન્યુઆરીથી ફાસ્ટટેગ ફરજિયાત.
- ગુજરાતમાં ૨જી-૩જી જાન્યુઆરીએ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે માવઠાથી અસર રહેશે.
- યમુના એક્સપ્રેસ વે પર કન્ટેઈનર સાથે કાર ટકરાતા પાંચ મુસાફરો ભડથુ.
- તારક મહેતા કા ઉલ્ટા ચશ્માંમાં નટુકાકાના પાત્રની વાપસી.

## જો બાઈડને લાઈવ ટીવી ઉપર કોરોના વેક્સિનનો ડોઝ લીધો

**બિડેને લોકોને પણ વેક્સિન લેવાની અપીલ કરી : નવા રાષ્ટ્રપતિ જો બિડેનને ફાઇઝર દ્વારા વિકસિત કરવામાં આવેલી કોરોના રસીનો ડોઝ આપવામાં આવ્યો**

વોશિંગ્ટન,તા.૨૨

યુએસના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપ્રમુખ જો બાઈડનને કોરોના



વાયરસની રસી આપવામાં આવી છે. ૭૮ વર્ષીય જો બાઈડનને હાલમાં કોરોના રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. બાઈડન કોરોનાના હાઈ રિસ્ક ગ્રુપમાં આવે છે. જો બાઈડનને ફાઈઝર દ્વારા વિકસિત કરવામાં આવેલી કોરોના રસીનો ડોઝ આપવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે ફાઈઝરની કોરોના રસીને યુએસમાં સત્તાવાર મંજૂરી મળી છે. અમેરિકન લોકોમાં આત્મવિશ્વાસ લાવવા માટે નવા ચૂંટાયેલા રાષ્ટ્રપ્રમુખ જો બાઈડને લાઈવ ટીવી પર કોરોના રસીનો ડોઝ લીધો હતો. રસીનો ડોઝ લેતી વખતે બાઈડને કહ્યું કે ચિંતા કરવાની કોઈ વાત નથી. અમેરિકા કોરોના વાયરસથી સૌથી વધુ અસરગ્રસ્ત દેશ છે. આવી સ્થિતિમાં, જો બાઈડને અમેરિકન લોકોને કોરોના રસી લગડાવવાની અપીલ કરી. કોરોના રસી આવતા મહિનામાં એટલે કે જાન્યુઆરીથી યુ.એસ. માં સામાન્ય લોકો માટે ઉપલબ્ધ થવાની સંભાવના છે. ડેલાવેયરના ક્રિસ્ટિયાનાકેર હોસ્પિટલમાં એક નર્સે સોમવાર બપોરે ફાઈઝર અને વાયોએનટેક

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીર ખીણમાં ભાજપની ૩ બેઠકો પર વિજય સાથે એન્ટ્રી

શ્રીનગર, તા. ૨૨

જમ્મુ-કાશ્મીરના જિલ્લા વિકાસ પરિષદ (ડીડીસી) ચૂંટણીમાં આશા અનુસાર જમ્મુમાં બીજેપી, તો અનુચ્છેદ ૩૭૦ દૂર કર્યા પછી પીપલ્સ અલાયન્સ ફોર ગુપકર ડિક્લેરેશન (પીએજીડી) ઘાટીમાં મોટી જીત મેળવતું જોવા મળે છે. અત્યાર સુધીમાં પરિણામની મોટી વાત એ છે કે ઘાટીમાં બીજેપીએ એન્ટ્રી કરીને ૩ સીટ પર જીત મેળવી છે. આ સાથે જ મોટી સંખ્યામાં અપક્ષ ઉમેદવારોની લીડ પણ ચોંકાવનારી છે. જો આ લીડ પરિણામમાં ફેરવાશે તો જમ્મુ કાશ્મીરના અલગ અલગ જિલ્લાઓમાં અધ્યક્ષ બનાવવામાં અપક્ષ ઉમેદવાર નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે. નેશનલ કોન્ફરન્સ અને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી સહિત સાત દળનું ગઠબંધન ગુપકર વલણમાં ૧૧૨ ડીડીસી

● અનુસંધાન પાન-૭ પર

## પાર્ટી કરતાં સુરેશ રૈના સહિત અનેક સેલિબ્રિટીસ ઝડપાયા

**પોલીસે ૩૪ સામે કેસ દાખલ કર્યો : રૈના, બાદશાહ, ગુરૂ રંધાવા કોરોનામાં મોડી રાત સુધી પાર્ટી કરી રહ્યા હતા**

મુંબઈ,તા.૨૨

પૂર્વ ભારતીય ક્રિકેટર સુરેશ રૈનાની વિરુદ્ધ મુંબઈ પોલીસએ કેસ નોંધી દીધો છે. મૂળે, મુંબઈના ડ્રેગન ફ્લાય નામના એક પબમાં કોરોનાના નિયમોનું પાલન કરતાં અનેક લોકો પકડાઈ ગયા હતા. તેમાં સુરેશ રૈના પણ સામેલ છે. રૈના પર કલમ ૧૮૮ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ક્રિકેટર સુરેશ રૈના ઉપરાંત બોલિવૂડ સેલિબ્રિટીઝ ગુરુ રંધાવા, બાદશાહ ઉપરાંત સુઝૈન ખાનની પણ ધરપકડ કરવામાં આવી હતી. મીડિયા રિપોર્ટસ મુજબ, સુરેશ રૈના ઉપરાંત અનેક બોલિવૂડ સેલિબ્રિટલીઝની મુંબઈ એરપોર્ટની પાસે મુંબઈ ડ્રેગન ફ્લાય ક્લબથી ધરપકડ કરવામાં આવી હતી. જોકે તેમને જામીન મળી ચૂક્યા છે. ધરપકડનું કારણ સમય મર્યાદાથી વધુ ક્લબને ખોલવા અને કોવિડ નિયમોનું પાલન કરવા હોવાનું કહેવાય છે. રિપોર્ટ્સ મુજબ, સિંગર ગુરૂ

● અનુસંધાન પાન-૭ પર

સુપરવાઈઝર જોઈએ છે
ગાંધીનગરમાં ગૌશાળા માટે
98250 71995

સંસ્થામાં ૫ વર્ષના કરારથી
નવી છોટા હાથી
ગાડીઓ ભાડે જોઈએ છે.
માસીક ભાડુ ૨૪૦૦૦ (હજાર)
(ડ્રાઈવર, મેન્ટેન્સ ડીઝલ સંસ્થાનું)
ઈન્વેસ્ટર આવકાર્ય
મો. ૯૨૬૫૨ ૬૫૬૪૩